# વ્યાયામ શિક્ષક

વ્યાયામ શિક્ષકો (ફિઝીકલ એજ્યુકેટર) શારીરિક સ્વાસ્થ્ય, વિકાસ, યોગ્ય પોષણ અને રમતગમતની સહભાગિતાના વિષયોમાં સૂચના અને માર્ગદર્શનમાં નિષ્ણાત છે. વ્યાયામ શિક્ષક તમામ ઉંમરના વિદ્યાર્થીઓ સાથે કામ કરે છે અને તેમને આરોગ્ય વિજ્ઞાનના વિષયોમાં શિક્ષિત કરે છે. વ્યાયામ શિક્ષક બાળકોને શારીરિક રીતે સક્રિય થવા માટે પ્રેરિત કરે છે, અને શાળા માટે શારીરિક પ્રવૃત્તિ નિર્દેશકની ભૂમિકા નિભાવે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને શીખવવું અને તાલીમ આપવાનું ગમે છે
- તમે બહારના વાતાવરણમાં કામ કરવાનું પસંદ કરો છો
- તમને શારીરિક પ્રવૃત્તિઓ અથવા રમતગમતમાં રસ છે
- તમે એક કુશળ સંવાદકર્તા છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. શારીરિક શિક્ષણમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો (B.P.Ed).
**અથવા**

શારીરિક શિક્ષણમાં સ્નાતક (B.P.Ed)ની ડિગ્રી મેળવો ત્યારબાદ શારીરિક શિક્ષણમાં અનુસ્નાતકની ડિગ્રી (M.P.Ed)(એમપી.એડ.) મેળવો. **અથવા**

શારીરિક શિક્ષણમાં ડિપ્લોમા (D.Ed) પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક વ્યાયમ શિક્ષકનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૯,૦૦૦ થી ૩૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: bit.ly/3j6niH2

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** શાળાઓ અને કોલેજો, સ્પોર્ટ્સ ક્લબ્સ, ફિટનેસ સેન્ટર્સ, ઓનલાઈન હેલ્થ કોચિંગ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દિવસમાં ૮ થી ૯ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર હોય શકે છે. શિફ્ટ સિસ્ટમ ઉપલબ્ધ હોઈ શકે છે. ઓવરટાઇમની જરૂર પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

રમતવીર → શારીરિક તાલીમ પ્રશિક્ષક/શારીરિક શિક્ષણ શિક્ષક → રમત-ગમતની ટીમના કોચ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, વડોદરા
૨. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
૩. રક્ષા શક્તિ યુનિવર્સિટી, ગાંધીનગર
૪. બી.એચ.યુ. વારાણસી, ઉત્તર પ્રદેશ
૫. શારીરિક શિક્ષણની સરકારી કોલેજ, ઓડિશા
૬. શારીરિક શિક્ષણની સરકારી કોલેજ, પંજાબ
૭. શારીરિક શિક્ષણની સરકારી કોલેજ, તેલંગાણા
૮. શારીરિક શિક્ષણની સરકારી કોલેજ, જમ્મુ અને કાશ્મીર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એસ.આર.એમ. યુનિવર્સિટી ચેન્નાઈ - એસ.આર.એમ. ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી
૨. ઘોષ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, કોલકાતા, પશ્ચિમ બંગાળ
૩. સુભાષ યુનિવર્સિટી, જુનાગઢ
૪. ખાલસા કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, અમૃતસર, પંજાબ
૫. નોઈડા કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, ઉત્તર પ્રદેશ
૬. બસવેશ્વરા કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, બાગલકોટ, કર્ણાટક
૭. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૮. ગુરુકુલા કાંગરી (ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી), હરિદ્વાર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

## સાફલ્ય ગાથા

**બોબન ચાકો** દુબઈની જે.એસ.એસ. ઈન્ટરનેશનલ સ્કૂલમાં શારીરિક શિક્ષણ વિભાગના વડા છે. યુ.એ.ઈ.માં શ્રેષ્ઠ શારીરિક શિક્ષણ શિક્ષક તરીકે ડૉ. જી.પી. ગૌતમ રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત થનાર તેઓ પ્રથમ ભારતીયોમાંના એક છે. ચાકોની વિશેષતાઓમાં એથ્લેટિક્સ, ફૂટબોલ અને બેડમિન્ટનનો સમાવેશ થાય છે. તેમણે કેરળની અલપ્પુઝાની એસ.ડી. કોલેજમાં અર્થશાસ્ત્રમાં અનુસ્નાતકની પદવી મેળવી અને કન્નુર યુનિવર્સિટીમાંથી શારીરિક શિક્ષણની તાલીમ પૂર્ણ કરી.*

સ્રોત: https://www.khaleejtimes.com/article/dubai-based-physical-education-teacher-wins-top-indian-award

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફિઝીકલ ટ્રેનીંગ ઈન્સ્ટ્રક્ટર, ફિઝીકલ એજ્યુકેશન ટીચર, ફિઝીકલ ડ્રીલ માસ્ટર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ